**Appraisal Report of the Expert Committee on Review of the SIA and SIMP Report for Acquisition of Land for 400mtrs x 300mtrs. 119718.00 Sq.mtrs for Extension of Runway 03/21 at Village Marwad, Daman for ICGAS, Daman.**

Dated:06.12.2024.

The U. T. Administration of Dadra and Nagar Haveli and Daman & Diu has constituted an expert committee with an independent multidisciplinary Expert Group of members for appraisal of the Social Impact Assessment report and Social Impact Management Plan for the Acquisition of Land for 400mtrs x 300mtrs. 119718.00 Sq. mtrs. for Extension of Runway 03/21 at Village Marwad, Daman for ICGAS, Daman. The expert group consists of the following Officers, officials /Non-officials.

| Sr. No. | Name | Designation |
|---|---|---|
| 1. | Shri Jatin Goyal | Joint Secretary, Planning & Statistics, DNH & DD |
| 2. | | Director of Education, DNH & DD |
| 3. | Smt. Aarti Agarwal | Deputy Collector (General), Daman |
| 4. | Shri Babubhai Chhibabhai Patel | Vice President, District Panchayat, Daman |
| 5. | Smt. Halpati Preetiben Dhansukh | Sarpanch, Marwad Gram Panchayat, Daman |
| 6. | Shri Avinash Chaudhari | Lecturer, Civil Eng., Govt. Polytechnic, Daman |
| 7. | Ms. Monica Barad | Consultant (Capacity Building & BCC), Under National Nutrition Mission (Poshan Abhiyaan), O/o. Child Development Project Officer, Daman on Contract Basis. |
| 8. | Shri Sanjeev Pandya | Programme Manager, ICPS, DNH & DD on Contract Basis. |

The expert Group constituted under sub-section (1) of section 7 of the Act has evaluated the Social Impact Assessment report and made its recommendation. The following are points of the appraisal committee on the SIA/SIMP report of the Project of Acquisition of Land for 400mtrs x 300mtrs. 119718.00 Sq. mtrs for Extension of Runway 03/21 at Village Marwad, Daman for ICGAS, Daman.

The committee has observed that initially, the land-affected parties refused to provide any data to the SIA team during the survey undertaken as part of the SIA study. As a result, the draft SIA report was prepared and submitted by the SIA agency considering the previous family data. Subsequently, during the public hearing on the draft SIA report, the affected parties showed their interest in providing data. Therefore, the final SIA report was prepared and submitted by the agency after conducting the survey and verification on the ground level of the affected parties and accordingly updated the family details of the affected parties.

**Evaluation of SIA & SIMP Report for the Acquisition of Land for 400mtrs x 300mtrs. 119718.00 Sq. mtrs for Extension of Runway 03/21 at Village Marwad, Daman for ICGAS, Daman.**

After evaluation of the SIA & SIMP report submitted by the agency, the committee observed that the proposed project of The Coast Guard Station at Marwad village, Nani Daman in the Union Territory of Daman currently operates Advanced Light Helicopters (ALH), Rotary Wing (Chetak) Helicopters, and Fixed Wing (Dornier 228) aircraft for surveillance. The existing runway adequately supports these operations. The purpose of the land acquisition and subsequent development project is to enhance and expand security-related infrastructure.

A. Deployment of troops/artillery, patrolling the maritime border in the Arabian Sea by large aircraft, surveillance, rescue of Ships/men in distress. Protecting maritime borders. To facilitate the operation of large military aircraft with full load operations to meet emerging challenges such as aerial search and rescue operations and high-altitude descents for paratroopers etc.

B. Air safety will be enhanced under the following circumstances.

i. Abort take-off / single-engine landing,

ii. Take off at a high temperature.

iii. Night operation and landing

The following facilities will be set up under this project for creating transport-related facilities.

A. Operation of large civil aircraft under the RCS / UDAN scheme for air passenger and cargo load operations will enhance the connectivity of the people of Daman and surrounding areas

The main objective of the REGIONAL CONNECTIVITY SCHEME is to make air travel cheaper for the people. The RCS will apply to route lengths between 200 and 800 km with no lower limits for hilly, island and security sensitive areas.

B. The acquisition will facilitate the construction of aerial Dimensions of the runway which is also likely to facilitate the fitting of instrument landing system facilities.

The land from Nani Daman for the project is proposed to be acquired as per the RFCTLARR, Act 2013, and the project involves **100073.00** Sq. Mtrs. of private land and **19645.00** Sq. mtrs. of Government land.

The report says that "the estimated 155 Private lands affected and 27 Government lands."

This report provides information on the affected Community assets. This helps in working out the entitlements, compensation packages, etc.

**Recommendations and Observations of the Committee:**

The committee members have elaborately discussed the SIA report submitted by the Social Impact Assessment Committee and recommended the following:

1. The project is proposed for the public purpose
2. The committee requests the District Administration to consider the recommendations of the SIA Committee given as the Social Impact Management Plan (SIMP) in the SIA Report, if possible, and to provide optimum compensation.

The SIA report is quite comprehensive and would act as a reference point for project action. The above details will also be helpful to the Affected Persons to cross-check their details as the SIA & SIMP report is made available to them in the local language.

**Appraisal Report of the Expert Committee on Review of the SIA and SIMP Report for Acquisition of Land for 400mtrs x 300mtrs. 119718.00 Sq.mtrs for Extension of Runway 03/21 at Village Marwad, Daman for ICGAS, Daman.**

The U.T. Administration may take a decision on above recommendation.

| | |
|---|---|
| Shri Jatin Goyal | |
| Smt. Aarti Agarwal | |
| Shri Babubhai Chhibabhai Patel | |
| Smt. Halpati Preetiben Dhansukh | |
| Shri Avinash Chaudhari | On leave |
| Ms. Monica Barad | |
| Shri Sanjeev Pandya | |

**<u>આઈ.સી.જી.એ.એસ.(ICGAS), દમણ માટે, ગામ મરવડ, દમણ ખાતે રન-વે (ઉડાણ માર્ગ) 03/21ના વિસ્તરણ માટે 400 મીટર x 300 મીટર. 119718.00 ચોરસ મીટર જમીન સંપાદન માટે SIA અને SIMP રિપોર્ટની સમીક્ષા પર નિષ્ણાંત સમિતિનો મૂલ્યાંકન અહેવાલ.</u>**

**તારીખ : 06.12.2024**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના વહીવટીતંત્ર દ્વારા, આઈ.સી.જી.એ.એસ.(ICGAS), દમણ માટે, ગામ મરવડ, દમણ ખાતે રન-વે (ઉડાણ માર્ગ) 03/21ના વિસ્તરણ માટે 400 મીટર x 300 મીટર. 119718.00 ચોરસ મીટર જમીન સંપાદન મુદ્દે, સામાજિક અસર મૂલ્યાંકન અહેવાલ અને સામાજિક અસર વ્યવસ્થાપન યોજનાના મૂલ્યાંકન માટે, સ્વતંત્ર મલ્ટિડિસિપ્લિનરી નિષ્ણાંત જૂથના સભ્યો સાથે નિષ્ણાંત સમિતિની રચના કરી છે. નિષ્ણાંત જૂથમાં નીચે મુજબના અધિકારીઓ, સત્તાવાર અધિકારીઓ/બિન સત્તાવાર -અધિકારીઓનો સમાવેશ થાય છે.

| અનુ. ક્ર. | નામ | હોદ્દો |
|---|---|---|
| 1. | શ્રી જતીન ગોયલ | સંયુક્ત સચિવ આયોજન અને આંકડાશાસ્ત્ર વિભાગ, DNH & DD |
| 2. | | નિદેશક, શિક્ષણ, DNH & DD |
| 3. | શ્રીમતી આરતી અગરવાલ | નાયબ કલેકટર (સાર્વત્રિક), દમણ. |
| 4. | શ્રી બાબુભાઇ છીબાભાઇ પટેલ | ઉપ-પ્રમુખ, જિલ્લા પંચાયત, દમણ |
| 5. | શ્રીમતી હળપતિ પ્રીતિબેન ધનસુખ | સરપંચ, મરવડ ગ્રામ પંચાયત, દમણ |
| 6. | શ્રી અવિનાશ ચૌધરી | લેક્ચરર, સિવિલ એન્જિનિયરિંગ, ગવર્નમેન્ટ પોલિટેકનિક, દમણ. |
| 7. | કુ. મોનિકા બારડ | રાષ્ટ્રીય પોષણ મિશન (પોષણ અભિયાન) હેઠળ સલાહકાર (ક્ષમતા નિર્માણ અને BCC), O/o. બાળ વિકાસ પ્રોજેક્ટ ઓફિસર, દમણ (કરારના આધારે). |
| 8. | શ્રી સંજીવ પંડયા | પ્રોગ્રામ મેનેજર, ICPS, DNH & DD (કરારના આધારે). |

અધિનિયમની કલમ 7 ની પેટા-કલમ (1) હેઠળ રચાયેલ, નિષ્ણાંત જૂથે સામાજિક અસર મૂલ્યાંકન અહેવાલનું મૂલ્યાંકન કર્યું છે અને તેની ભલામણ કરી છે. આઈ.સી.જી.એ.એસ.(ICGAS), દમણ માટે, ગામ મરવડ, દમણ ખાતે રન-વે (ઉડાણ માર્ગ) 03/21ના વિસ્તરણ માટે 400 મીટર x 300 મીટર. 119718.00 ચોરસ મીટર જમીન સંપાદનના પ્રોજેક્ટના SIA/SIMP રિપોર્ટ પર મૂલ્યાંકન સમિતિના મુદ્દાઓ નીચે મુજબ છે.

**<u>આઈ.સી.જી.એ.એસ.(ICGAS), દમણ માટે, ગામ મરવડ, દમણ ખાતે રન-વે (ઉડાણ માર્ગ) 03/21ના વિસ્તરણ માટે 400 મીટર x 300 મીટર. 119718.00 ચોરસ મીટર જમીન સંપાદનના પ્રોજેક્ટના SIA/SIMP રિપોર્ટનું મૂલ્યાંકન</u>**

એજન્સી દ્વારા રજૂ કરાયેલ SIA અને SIMP રિપોર્ટના મૂલ્યાંકન પછી, સમિતિએ અવલોકન કર્યું કે દમણના કેન્દ્રશાસિત પ્રદેશમાં નાની દમણના મરવડ ગામ ખાતે, કોસ્ટ ગાર્ડ સ્ટેશનનો પ્રસ્તાવિત પ્રોજેક્ટ હાલમાં એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર (ALH), રોટરી વિંગ (ચેતક) હેલિકોપ્ટર અને સર્વેલન્સ માટે ફિક્સ્ડ વિંગ (ડોર્નિયર 228) એરક્રાફ્ટ ચલાવે છે. હાલનો રન-વે (ઉડાણ માર્ગ) આ કામગીરીને પૂરતા પ્રમાણમાં સપોર્ટ કરે છે. જમીન સંપાદન અને અનુગામી વિકાસ પ્રોજેક્ટનો હેતુ સુરક્ષા-સંબંધિત આધારરૂપ વ્યવસ્થા (ઈન્ફ્રાસ્ટ્રક્ચર)ને વધારવા અને વિસ્તરણ કરવાનો છે.

A. ટુકડીઓ/આર્ટિલરીની તૈનાતી, મોટા વિમાનો દ્વારા અરબી સમુદ્રમાં દરિયાઈ સરહદ પર પેટ્રોલિંગ, સર્વેલન્સ, મુશ્કેલીમાં રહેલા જહાજો/માણસોનો બચાવ. દરિયાઈ સરહદોનું રક્ષણ. ઉભરતા પડકારો જેવા કે હવાઈ શોધ અને બચાવ કામગીરી અને પેરાટ્રૂપર્સ માટે ઉચ્ચ-ઉંચાઈ પર ઉતરાણ વગેરેને પહોંચી વળવા માટે સંપૂર્ણ ભારની કામગીરી સાથે મોટા લશ્કરી એરક્રાફ્ટની કામગીરીને સરળ બનાવવા.
B. નીચેના સંજોગોમાં હવાઈ સુરક્ષા વધારવામાં આવશે.
i. ટેક-ઓફ / સિંગલ-એન્જિન લેન્ડિંગને અટકાવવા,
ii. ઊંચા તાપમાને ઉતારવા.
iii. રાત્રિ દરમ્યાન ઓપરેશન અને લેન્ડિંગ કરવા.

પરિવહન સંબંધિત સુવિધાઓ ઉભી કરવા માટે આ પ્રોજેક્ટ હેઠળ નીચે મુજબની સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

A. એર પેસેન્જર અને કાર્ગો લોડ ઓપરેશન્સ માટે આર.સી.એસ. (RCS) / UDAN યોજના હેઠળ મોટા સિવિલ એરક્રાફ્ટનું સંચાલન દમણ અને આસપાસના વિસ્તારોના લોકોની કનેક્ટિવિટી વધારશે.

પ્રાદેશિક જોડાણ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકો માટે હવાઈ મુસાફરી સસ્તી બનાવવાનો છે. આર.સી.એસ. (RCS) 200 થી 800 કિલોમીટર વચ્ચેના રૂટની લંબાઈ પર લાગુ થશે જેમાં પહાડી, ટાપુ અને સુરક્ષા સંવેદનશીલ વિસ્તારો માટે કોઇ નીચી મર્યાદા નથી.
B. સંપાદન રન-વે (ઉડાણ માર્ગ)ના હવાઈ પરિમાણો (એરિયલ ડાયમેન્શન)ના નિર્માણને સરળ બનાવશે જે ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ સુવિધાઓના ફિટિંગમાં પણ સુવિધા આપે તેવી શક્યતા છે.

પ્રોજેક્ટ માટે નાની દમણમાંથી જમીન RFCTLARR, એક્ટ 2013 મુજબ સંપાદિત કરવાનો પ્રસ્તાવ છે અને પ્રોજેકટમાં **100073.00** ચોરસ મીટર ખાનગી જમીન અને **19645.00** ચોરસ મીટર સરકારી જમીન છે.

અહેવાલ કહે છે કે "અંદાજિત 155 ખાનગી જમીનો અસરગ્રસ્ત થાય છે અને 27 સરકારી જમીનો."

આ અહેવાલ અસરગ્રસ્ત સમુદાયની મિલકતોની માહિતી પ્રદાન કરે છે. જે હકદારીઓ અને વળતર પેકેજો વગેરેને વર્કઆઉટ કરવામાં મદદ કરે છે.

**<u>સમિતિની ભલામણો અને અવલોકનો:</u>**

સમિતિના સભ્યોએ સામાજિક અસર મૂલ્યાંકન સમિતિ દ્વારા રજૂ કરાયેલા SIA અહેવાલની વિસ્તૃત ચર્ચા કરી અને નીચે મુજબની ભલામણો કરી:
1. પરિયોજના (પ્રોજેક્ટ) જાહેર હેતુ માટે પ્રસ્તાવિત કરાયેલ છે.
2. સમિતિ, જો શક્ય હોય તો, SIA રિપોર્ટમાં સામાજિક અસર વ્યવસ્થાપન યોજના (SIMP) તરીકે આપવામાં આવેલી SIA સમિતિની ભલામણોને ધ્યાનમાં લેવા અને મહત્તમ વળતર આપવા જિલ્લા વહીવટીતંત્રને વિનંતી કરે છે.

SIA નો અહેવાલ એકદમ સર્વગ્રાહી છે અને પ્રોજેક્ટ કાર્યવાહી માટે સંદર્ભ બિંદુ તરીકે કામ કરશે. જ્યારે SIA અને SIMP રિપોર્ટ તેમને સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ત્યારે અસરગ્રસ્ત વ્યક્તિઓને તેમની વિગતોને ક્રોસ-ચેક કરવામાં પણ ઉપરોક્ત વિગતો મદદરૂપ થશે.

**<u>આઈ.સી.જી.એ.એસ.(ICGAS), દમણ માટે, ગામ મરવડ, દમણ ખાતે રન-વે (ઉડાણ માર્ગ) 03/21ના વિસ્તરણ માટે 400 મીટર x 300 મીટર. 119718.00 ચોરસ મીટર જમીન સંપાદન માટે SIA અને SIMP રિપોર્ટની સમીક્ષા પર નિષ્ણાંત સમિતિનો મૂલ્યાંકન અહેવાલ.</u>**

આ ઉપરોક્ત ભલામણો પર કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્ર નિર્ણય લઈ શકે છે.

| | |
|---|---|
| શ્રી જતીન ગોયલ | સહી/- |
| શ્રીમતી આરતી અગરવાલ | સહી/- |
| શ્રી બાબુભાઇ છીબાભાઈ પટેલ | સહી/- |
| શ્રીમતી હળપતિ પ્રીતિબેન ધનસુખ | સહી/- |
| શ્રી અવિનાશ ચૌધરી | રજા પર |
| કુ. મોનિકા બારડ | સહી/- |
| શ્રી સંજીવ પંડયા | સહી/- |